## || ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ આદિશક્તયે નમ: || (૫૭)

## આદિશક્તિ શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સ્વામી જ ઇશ્વરી માતા હોવાથી તે આદિપુરુષની શક્તિ છે.

ભદ્રાજ ઋષિને આપેલા વરદાન પ્રમાણે શિવ ભગવાને કલિયુગમાં ત્રણ વખત જન્મ લેવાનું નક્કી કર્યું અને તે પ્રમાણે શિરડીસાઇ એ શિવ અવતાર, પતિસાઇ એ શિવશક્તિ અવતાર અને હવે પછી પ્રેમસાઈ એ શક્તિ અવતાર થવાનો છે.

ભગવાન બાબા એ શિવશક્તિ અવતાર હોવાથી આદિશક્તિ તેમનામાં વાસ કરે છે. અનેક ભક્તોને તેમણે આદિશક્તિના રૂપમાં દર્શન આપ્યાં છે.

ઈ. સ. ૧૯૪૦ માં સ્વામીએ અવતારની ઘોષણા કરી. ત્યાર પછી આવનારા બધા નવરાત્રી ઉત્સવમાં દરરોજ ભક્તો તેમનું પૂજન કરીને સાંજે શણગારેલી પાલખીમાં તેમની રથયાત્રા (સવારી) કાઢવા લાગ્યા. આવી આ રથયાત્રા પ્રસંગે અનેક ભક્તોને તેમણે આદિશક્તિના રૂપમાં દર્શન આપ્યા છે.

જગન્મોહિની, ત્રિપુરસુંદરી, દુર્ગામાતા, મદુરાઈની મીનાક્ષી, કાશીની વિશાલાક્ષી, કાંચી પુરમની કામાક્ષી એવા વિવિધ રૂપમાં દર્શન પામેલા તે વખતના ભક્તો ખરેખર જ ધન્ય છે.

આગળ જતા આ ઉત્સવનું સ્વરૂપ બદલીને સ્ત્રીભક્તો માટે લલિતા અષ્ટોત્તર શતનામાવલીનું પઠન અને કુંકુમાર્ચન કરવાનું સૌભાગ્ય સ્વામીએ ઉપલબ્ધ કરી આપ્યું. ૧૯૬૧ થી સ્વામીએ શ્રી વેદપુરુષ સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ શરૂ કર્યો જેમાં વેદપઠન (વેદોનું વાંચન) અતિરૂદ્રયાગ યજ્ઞ, જપ હોમ, શ્રીચક પૂજા, સહસ્ત્રલિંગ પૂજા, શ્રીમદ્ રામાયણ વાંચન, શ્રી દેવી ભાગવત વાંચન શરૂ કર્યું. અર્થાત્ પરમદયાળુ, આદિશક્તિ રૂપ સ્વામીએ દશભુજાધારિણી શ્રી દુર્ગાદેવીની પૂજાની સાથે જ જ્ઞાનયજ્ઞ શરૂ કરીને બધાને કૃતકૃત્ય કર્યા.

આદિશકિત એ માતૃરૂપ હોવાથી પોતાના ભક્તો પ્રત્યે તેમના મનમાં કરૂણા ઉપજે છે તેથી તે તરત જ તેમના સહાયાર્થે દોડે છે, તેનું આ એક ઉદાહરણ.

પ્રશાંતિનિલયમની સ્થાપના પછીના સમયમાં એક દિવસ ભક્તો સાથે વાર્તાલાપ કરી રહેલા સ્વામીનું શરીર અચાનક ખેંચાવા લાગ્યું અને તેમનું શરીર કાષ્ઠવત (લાકડા જેવું) થઈ ગયું. આ જે થતું હતું તે જોઈને ભક્તો સ્તબ્ધ થઈ ગયા. આશરે દસ મિનિટ સ્વામી આ જ અવસ્થામાં હતા. ત્યાર પછી તે જાગૃતાવસ્થામાં આવ્યા. મંદસ્મિત કરીને તે સાઈમાતા બોલી-"મારી એક સ્ત્રીભક્ત અમેરિકામાં પ્રસૂતિ માટે વેદનાથી હેરાન થતી હતી. તેનો સુખેથી છુટકારો કરવા માટે મારે ત્યાં જવું પડ્યું. તેને અને તેની કન્યાને આશીર્વાદ આપી આવ્યો." થોડા મહિના પછી આ મહિલા સ્વામીના દર્શન માટે આવી, ત્યારે ઉપરનાં પ્રસંગની સચોટતા બધાના ધ્યાનમાં આવી.

પોતે આદિશક્તિ હોવાનું કહેતા ૨૦ ઓક્ટોબર ૧૯૬૫ ના રોજ પ્રશાંતિવિદ્વાન મહાસભાના ઉદ્ઘાટન પ્રસંગે સ્વામી બોલ્યા-"પૂર્વે ભવાની માતાએ છત્રપતિ શિવાજી મહારાજના હાથમાં એક તલવાર (ભવાની તલવાર) આપીને તેમને હિંદુધર્મનું રક્ષણ કરવાની આજ્ઞા આપી હતી. આજે આ શિવશક્તિ અહીયાં ઉપસ્થિત પંડિતોના હાથમાં ધૈર્યરૂપી ખડ્ગ આપીને તેમને આ વિશ્વમાં ધર્મનું પુનરુત્થાન અને ઉદ્ધાર કરવાની આજ્ઞા આપે છે."

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||